# <u>પ્રેસનોટ</u>

## <u>આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે નવી દિલ્હીથી માન. વડાપ્રધાનશ્રીના સંબોધનનો જીવંત પ્રસારણનો કાર્યક્રમ યોજાયો</u>

આઈ.એ.આર.આઈ., નવી દિલ્હી ખાતે તા. ૧૭ માર્ચ, ૨૦૧૮ નાં રોજ સવારે ૧૧:30 કલાકથી **"National Conference on KVKs – 2018 અંતર્ગત કૃષિ ઉન્નત મેળો - ૨૦૧૮"માં** માન. વડાપ્રધાનશ્રીના ઉદબોધનનું જીવંત પ્રસારણ નિહાળવા માટેનું આયોજન બં. અં. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે ડૉ. એન. સી. પટેલ, માન. કુલપતિશ્રી, આ.કૃ.યુ., આણંદના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ હતું.

સદર કાર્યક્રમમાં ડાં. સી. જે. ડાંગરિયા, માન. કુલપતિશ્રી, ન.કૃ.યુ., નવસારી, ડૉ. એ. આર. પાઠક, માન. કુલપિતશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ, ડૉ. કે. બી. કથિરીયા, સંશોધન નિયામકશ્રી, આકૃયુ, આણંદ, ડાં. વી. પી. ચોવટીયા, સંશોધન નિયામકશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ, શ્રી એ. એમ. વૈદ, જન સંપર્ક અધિકારી, કલેકટરશ્રીની કચેરી, આણંદ અને શ્રી ડી. વી. બારોટ, સંયુક્ત ખેતી નિયામક, અમદાવાદ અને યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તથા મધ્ય ગુજરાતના જુદા જુદા વિસ્તારમાંથી આવેલ 33૭ પ્રગતિશીલ ખેડૂતો/ખેડૂત મહિલાઓ, આણંદ કૃષિ યુનિવર્સિટીના ૪૨ વૈજ્ઞાનિકોશ્રીઓ અને ૧૬૯ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ હાજર રહેલ. જીવંત પ્રસારણ પહેલા ઉપસ્થિત મહાનુંભાવોએ તથા વૈજ્ઞાનિકો દ્વારા આવેલ પ્રગતિશીલ ખેડૂતો/ખેડૂત મહિલાઓને ખેતીની આવક બમણી કરવા અંગે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ હતું. વધુમાં, ખેડૂત સમુદાયમાં પેટ્રોલિયમ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટેનું વક્તવ્ય શ્રી રાહુલ કિશોર, પેટ્રોલિયમ સંરક્ષણ સંશોધન સંગઠન દ્વારા આપવામાં આવેલ હતું. સૌએ માન. વડાપ્રધાનશ્રીના સંબોધનનો લાભ લીધેલ હતો. માન. વડાપ્રધાનશ્રી દ્વારા ૨૫ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોનું ખાત મુહૂર્ત કરવામાં આવેલ હતુ. તેમજ સદર કાર્યક્રમમાં કૃષિ ક્ષેત્રે વિવિધ સંસ્થાઓ તથા પ્રગતિશીલ ખેડૂતોને પ્રોત્સાહન રૂપે માન. વડાપ્રધાનના વરદહસ્તે પુરસ્કાર પણ અર્પણ કરવામાં આવેલ હતા.















**Live Webcast of Hon'ble Prime Minister's speech at B. A. College of Agriculture, Anand Agricultural University, Anand**